# પૂજ્ય લાલચંદભાઈની તત્ત્વચર્ચા જીતુભાઈ મોદી (સોનગઢ) સાથે તા. મે ૧૯૯૫, પ્રવચન AUD૦૦૦૧

મુમુક્ષુ: ૩૯૨

પૂ. લાલચંદભાઈ: (આત્મધર્મ અંક) ૩૯૨? ૩૯૨માં એમ છે ને કે **જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ થાય છે**. તેના ઉપરનું આત્મધર્મમાં એક ફર્સ્ટ (first) પેજમાં આવ્યું કે આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જાણવામાં આવે છે. તો ૧૭મી-૧૮મી ગાથામાં સમયસારમાં કુંદકુંદાચાર્ય ભગવાને એમ કહ્યું કે પ્રથમ આત્માને જાણવો, અને જાણેલાનું શ્રધ્ધાન હોય. જાણીને પ્રતીતમાં લેવો આત્મા કે જે જાણવામાં આવ્યો તે જ હું છું, પછી એમાં ઠરવું. એટલે પહેલાં જાણવું કહ્યું કે તમે, આદેશ આપ્યો છે, પ્રથમ આત્માને જાણો. એટલે પહેલામાં પહેલું જીવનમાં જો કર્તવ્ય હોય છે જીવનું, મનુષ્ય માત્રનું, જીવમાત્રનું કે પહેલાં આત્માને જાણવો. પહેલાંમાં પહેલું કામ આ છે. નવતત્ત્વ, છ દ્રવ્ય એ કાંઈ વાત ન કરતા, આત્માને જાણવો એમ કહ્યું.

હવે જ્યારે અમૃતચંદ્રાચાર્યે એના કરતાં એક સ્ટેજ (stage) આગળ કરીને વાત એમ કરી કે આબાળગોપાળ સૌને જણાઇ રહ્યો છે. (કુંદકુંદાચાર્યએ) કહ્યું કે જાણ. (અમૃતચંદ્રાચાર્યે) કહ્યું કે તને જણાઈ રહ્યો છે, એનો સ્વીકાર કર, એમ. એટલી વાત ચોખવટ કરી છે કે પ્રથમ આત્માને જાણ. ત્યારે અમૃતચંદ્રાચાર્ય કહે છે કે **આબાળગોપાળ સૌને સદાકાળ** આત્મા અનુભવમાં આવે છે. આહાહા! એમ કરીને એમણે...

હવે એમણે જે શબ્દો મૂક્યા છે કે **આબાળગોપાળ સૌને સદાકાળ** એટલે એકેન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય જીવ, કોઇ પણ જીવ હોય, ભવી હોય, અભવી હોય, કોઈ એનો આંતરો (ભેદ) નહિ. પણ બધાને આત્મા જાણવામાં આવે છે, અનુભવમાં આવે છે એટલે કે જણાઇ રહ્યો છે. એનું કારણ છે કે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે, સ્વ અને પર બેયનો પ્રતિભાસ થાય છે. સ્વ-પર બેયને એક સમયે જાણે છે એમ નહિ, બેયનો પ્રતિભાસ થાય છે. એમ ભલે અજ્ઞાની છે આ, એને કહે છે કે તને આત્મા જણાય છે. એ જે પ્રતિભાસ થાય છે ને? એની મુખ્યતા અહીં રાખી કે તને ભલે અત્યારે તને અનુભવ નથી, મિથ્યાદૃષ્ટિ છો તું (ભલે). પણ તને જ્યારે પર જણાય છે અને પરમાં, જાણીને, તું પ્રતીતિ કરવા માંડ્યો છો. એ જ સમયે તારા જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાને કારણે (સ્વ-પરનો) પ્રતિભાસ થઈ રહ્યો છે. પરના પ્રતિભાસનો તું આવિર્ભાવ કરે છે. હવે તું સ્વના પ્રતિભાસનો આવિર્ભાવ કર કે 'જાણનારો જણાય છે' તો એ જ વખતે તને અનુભવ થઈ જશે. ત્યારે પરનો પ્રતિભાસ રહેશે પણ તિરોભાવ થઈ જશે, લક્ષ છૂટી જશે.

પ્રતિભાસ બેનો છે, લક્ષ એકનું છે. પ્રતિભાસ બેનો છે બધાને, એકેન્દ્રિયમાં પણ. પણ જો લક્ષ કરે આત્માનું તો એને અનુભવ થાય છે. તો ઓનો (પરનો) પ્રતિભાસ રહી જશે, લક્ષ છૂટી જશે. લક્ષ અને પ્રતિભાસમાં મોટો તફાવત છે. સ્વપરપ્રકાશક તો છે પણ જ્યારે આત્મા આત્માનું લક્ષ કરે છે

ત્યારે પરનો પ્રતિભાસ રહી જાય છે, લોકાલોક જણાઈ છે એમાં, જ્ઞાનની પર્યાયમાં. ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણકાળની પર્યાય સહિત એમાં પ્રતિભાસ થાય છે હોં! એટલી સ્વચ્છતા જ્ઞાનમાં છે. પણ એ વખતે જ્યારે અંતર્મુખ થઈને આને (સ્વને) અનુભવે છે આત્મા, લક્ષ એક ઉપર રહ્યું, સામાન્ય. સામાન્યને જ્યારે જાણે છે ત્યારે વિશેષ જણાતું નથી. તો વિશેષ જણાતું નથી તો વિશેષના વિષયો ક્યાંથી જણાય એ વખતે? પ્રતિભાસ રહી જાય અને લક્ષ છૂટી જાય પરનું. લક્ષ છૂટે છે, પ્રતિભાસ રહી જાય છે લોકાલોકનો. સમજી ગયા? પ્રતિભાસ ટાળી શકાતો નથી.

જેમ દર્પણમાં મોઢું (ચહેરો) જણાય. બધા કહે મોઢું જણાય. એમાં કોઈ જ્ઞાની કહે, 'ભાઈ! તને મોઢું જણાતું નથી તને અરીસો જણાય છે' ત્યારે એ વિચાર કરે કે આ એક નવી વાત આવી. અમે તો ચાંદલો કરીએ છીએ ત્યારે મોઢું જણાય છે. તો કહે 'તને મોઢું જણાતું નથી, તો અરીસો જણાય છે એમ તું લે' એટલે મોઢાનો પ્રતિભાસ રહી ગયો અને પ્રતિભાસ ગૌણ થઈ ગયો, એના લક્ષમાંથી છૂટી ગયો.

મુમુક્ષુ: અરીસો લક્ષમાં આવી ગયો.

પૂ. લાલચંદભાઈ: અરીસો લક્ષમાં આવી ગયો, એનું નામ અનુભૂતિ છે. પ્રતિભાસ બેના, લક્ષ એકનું. આમાં ઓલું લઈ લ્યો પંચાધ્યાયી (મખનલાલજીનું અનુવાદ). જાડું પંચાધ્યાયી નવું છે ને એ? હાં એ લઈ લ્યો. એમાં ૫૫૮ શ્લોક કાઢો ૫૫૮.

મુમુક્ષુ: હાઁ જી છે. લીટી (રેખાંકિત) કરેલી છે, ઘણું જરૂરી છે. **જ્ઞાન અર્થ વિકલ્પાત્મક હોય છે.**

પૂ. લાલચંદભાઈ: હાં.

મુમુક્ષુ: **અર્થાત્ જ્ઞાન સ્વ-પર પદાર્થને વિષય કરે છે તેથી જ્ઞાન સામાન્યની અપેક્ષાએ જ્ઞાન એક જ છે, કેમકે અર્થ વિકલ્પપણું બધા જ્ઞાનોમાં છે પરંતુ...**

પૂ. લાલચંદભાઈ: એટલે બધા જ્ઞાનોમાં સ્વપરનો પ્રતિભાસ છે.

મુમુક્ષુ: છે. **પરંતુ વિશેષ વિશેષ વિષયોની અપેક્ષાએ તે જ જ્ઞાનના બે ભેદ થઈ જાય છે. (૧) સમ્યગ્જ્ઞાન (૨) મિથ્યાજ્ઞાન.**

પૂ. લાલચંદભાઈ: લક્ષ ફરી જાય છે. પ્રતિભાસ બેનું, લક્ષ એકનું થઈ જાય છે. લક્ષ ઉપર જ આખો બંધ-મોક્ષનો આધાર છે. સ્વપરપ્રકાશક બંધ-મોક્ષનું કારણ નથી. એનું લક્ષ ક્યાં છે?

મુમુક્ષુ: પર ઉપર છે.

પૂ. લાલચંદભાઈ: તો બંધાય છે. સ્વ ઉપર (તો મુકાઇ છે). લોકાલોકનો પ્રતિભાસ છૂટવાનો નથી. અરીસાનાં દૃષ્ટાંતે, મારે અરીસાને જોવો છે પણ (એમાં) મારું મોઢું ન જણાય એમ કોઈ દિવસ ન બને. મોઢાનો પ્રતિભાસ તો રહેશે (પણ) ત્યાંથી લક્ષ છૂટી જશે. અત્યારે સુધી કહેતો તો મારું મોઢું જણાય છે, મોઢું જણાય. મોઢું મને જાણાતું જ નથી મને (તો) અરીસો જણાય છે, ત્યારે કામ થાય એવું છે હો! આ રહસ્ય!

મુમુક્ષુ: પ્રતિભાસ અને લક્ષમાં જે...

પૂ. લાલચંદભાઈ: આ સ્વપરનો પ્રતિભાસ, લક્ષ એકનું, પ્રતિભાસ બેનો. લક્ષ એકનું,

પ્રતિભાસ બેનો. અનાદિ-અનંત પ્રતિભાસ બેનો જ હોય.

મુમુક્ષુ: આમ કેવળીને લોકાલોકનું પ્રતિભાસ છે પણ લક્ષ એકનું જ છે.

પૂ. લાલચંદભાઈ: એકનું જ, આત્માનું જ છે, એનું લોકાલોક તરફ લક્ષ જ નથી. ચોથા ગુણસ્થાને લક્ષ ગયું, પ્રતિભાસ રહી ગયો અને લક્ષ અંદરમાં આવી ગયું. પ્રતિભાસ પરનો રહી ગયો, લક્ષ છૂટી જાય છે.

આ દર્પણના દૃષ્ટાંતે, (સમયસાર) જયસેન આચાર્યનું લઈ લ્યો તો, સંસ્કૃત એમાં છે. જયસેન આચાર્યની ટીકા જે છે ને? એમાં છે. લખેલું જયસેન આચાર્ય શબ્દ લખેલ હશે. સમયસાર આગળ, એ જ હશે, લાલ-લાલ, કેસરી-કેસરી-કેસરી, આની તરફ. કેસરી છે ને? એમાં આ કાઢો ૨૧૨ ગાથા છે. ૨૧૨ નિર્જરા અધિકાર છે. ૨૧૨, ૨૧૩, ૨૧૪ લીટા (રેખાંકિત) કર્યા છે કાંઇ? આ લ્યો.

મુમુક્ષુ: ૨૧૦ અને ૨૧૨ લીટા કરેલા છે. **जैसे दर्पण में आए हुए प्रतिबिंब के समान केवल आहार में ग्रहण करने के योग्य वस्तु का उस वस्तु के रूप से ज्ञायक ही होता है। किन्तु रागरूप से उसका ग्रहण करनेवाला नहीं होता है।** એ શેને માટે દૃષ્ટાંત આપ્યો?

પૂ. લાલચંદભાઈ: એટલે એમ કહ્યું કે જેમ દર્પણમાં પ્રતિભાસ થાય છે તો એ દર્પણને જાણતાં ઓલું જણાઈ જાય છે. એમ, **दर्पण में आए हुए प्रतिबिंब के समान**, (પ્રતિબિંબ) સમાન આહાર અમને જણાય છે, આહારની સન્મુખ અમારો ઉપયોગ નથી. જેમ ઓલા દર્પણ(ના દૃષ્ટાંત)માં મોઢાની સન્મુખ ઉપયોગ નથી, એમ આહારની (ઉપયોગ) સન્મુખ નથી પણ આહાર અમને જણાય છે, પણ અમારું લક્ષ ક્યાં છે? જ્ઞાયક ઉપર.

મુમુક્ષુ: **रागरूप से उसका ग्रहण करनेवाला नहीं होता है। ज्ञायक ही होता है।**

પૂ. લાલચંદભાઈ: હા, **दर्पण में आए हुए**, ચાર ગાથા છે, ચાર ગાથા - આહાર, પાણી, પુણ્ય અને પાપ.

મુમુક્ષુ: આ રહ્યું, છે. ચોખ્ખું આ ભાઈ! **दर्पण में आए हुए प्रतिबिंब के समान उसका ज्ञायक ही होता है।**

પૂ. લાલચંદભાઈ: એટલે કે એનો જાણનાર રહે છે. આહાર અને પાણી, પુણ્ય અને પાપ - ચાર ગાથા છે. એનો જાણનાર રહે છે, પણ એને જાણે છે કે આત્માને જાણે છે?

મુમુક્ષુ: આત્માને જાણે છે.

પૂ. લાલચંદભાઈ: બસ! એમ છે. આત્માને જાણતાં એનું નિમિત્તપણું છે ને? તો ઉપચારથી એને જાણે છે, એમ કહ્યું. બાકી લક્ષ પુણ્ય-પાપ ઉપર ન હોય, આહાર ઉપર ન હોય લક્ષ. મુનિરાજનું લક્ષ આહારમાં છે જ નહિ, અને લક્ષ ફરે તો જ્ઞાન રહેતું નથી.

મુમુક્ષુ: હા તો-તો પછી એ તો મિથ્યાજ્ઞાનમાં વયું ગયું.

પૂ. લાલચંદભાઈ: બસ! મિથ્યાજ્ઞાન.

મુમુક્ષુ: અહીંયા લખ્યું અને સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન બે પ્રકાર છે.

પૂ. લાલચંદભાઈ: હા! બે, બે હતા. મિથ્યાજ્ઞાનમાં જાય છે.

મુમુક્ષુ: લક્ષ ચૂકી ગયા એટલે મિથ્યાજ્ઞાન અને લક્ષ આમ ફરી જાય એટલે... (સમ્યગ્જ્ઞાન).

પૂ. લાલચંદભાઈ: આખું લક્ષ ઉપર આધાર છે. અને ગુરુદેવે તમને તો એક-એક વ્યાખ્યાનમાં લક્ષની પ્રધાનતા કરી, કે તું રાગનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર. લક્ષની પ્રધાનતાથી છે, આખી વાત છે. સ્વ-પર બેય જણાય છે કોણ ના પાડે છે? પણ લક્ષ તારું પર ઉપર છે. તું કહે છે કે સ્વપરપ્રકાશક, પણ સ્વપ્રકાશક તારી પાસે આવ્યું ક્યાં?

મુમુક્ષુ: પરનો શું કરવા આગ્રહ રાખે છે? સ્વ તો છે નહિ તારી પાસે.

પૂ. લાલચંદભાઈ: (સ્વ તો) છે નહિ તારી પાસે.

મુમુક્ષુ: સાચી વાત છે!

પૂ. લાલચંદભાઈ: આ અનુભવની કળા છે ભાઈ!

મુમુક્ષુ: ખરેખર તો આશ્ચર્ય થાય કે સ્વપરપ્રકાશનો આગ્રહ કરે છે તો ઓલા સ્વની તો તને ખટક નથી.

પૂ. લાલચંદભાઈ: સ્વનું તો બોલતો જ નથી.

મુમુક્ષુ: પરપ્રકાશમાં તને ખટક કેમ થાય છે? કોઈકના ઘરે શું છે એની તારે કેમ તાલાવેલી થાય છે? તારા ઘરમાં શું છે એ તો તારે જોવું નથી.

પૂ. લાલચંદભાઈ: તારા જ્ઞાનમાં તારો આત્મા જણાય છે. સ્વપરપ્રકાશમાં સ્વ જણાય છે. ત્યારે સ્વપરપ્રકાશક કહેવાય ને? સ્વ ન જણાય તો સ્વપરપ્રકાશક ન કહેવાય. સ્વ તો જણાય છે **આબાળગાપાળ સૌને**, એનું તો તું કાંઈ બોલતો નથી એટલે અનુભવ નહિ થાય.

મુમુક્ષુ: અમને એ અમારે ઘણી વાર ચર્ચા થાય કે આ સ્વપરપ્રકાશક - પરને જાણતો નથી, એવું તને આકરું કેમ પડે છે? સ્વને જાણતો નથી એમાં તને કેમ નથી આકરું પડતું?

પૂ. લાલચંદભાઈ: ત્યાં તો એ બોલતો જ નથી. બોલતો જ નથી કે પહેલો શબ્દ સ્વ છે, પછી પર છે. અનુક્રમમાં પણ સ્વ અને પર બેય આવ્યું છે. **दर्पण में आए हुए प्रतिबिंब के समान**, ચાર ગાથા છે, સંસ્કૃતમાં છે આ.

મુમુક્ષુ: પુણ્ય છે, પછી પાપ છે, પછી આહાર છે.

પૂ. લાલચંદભાઈ: એટલે ડાયરેક્ટ (direct) એ પરને જાણતો નથી, ઈનડાયરેક્ટ (indirect) પરને જાણે છે. સમજી ગયા?

મુમુક્ષુ: હા! એ ગુરુદેવ લેતા હતા ને? નેક્સ્ટ સ્ટેપમાં (next step).

પૂ. લાલચંદભાઈ: હા, બસ! કે પર સંબંધી પોતાના જ્ઞાનને જાણે છે, પરને નહિ. પોતાના જ્ઞાનને જાણે છે એટલે એ તો સ્વપ્રકાશકમાં આવી ગયો ને?

મુમુક્ષુ: આવી ગયું. પોતાના જ્ઞાનને જાણે છે, પરને નથી જાણતો, એમાં સ્વમાં આવી ગયો.

પૂ. લાલચંદભાઈ: એમ છે.

મુમુક્ષુ: બહુ મૂળભૂત વસ્તુ છે આખી.

પૂ. લાલચંદભાઈ: આ મૂળ છે હો, મૂળ છે. એનું કામ થઈ જશે ધ્યાન રાખે તો, આટલું ઘણું છે. અપૂર્વ વાત છે! (પરના પ્રતિભાસનો) આવિર્ભાવ કરે છે અને સ્વના પ્રતિભાસનો તિરોભાવ કરે છે. આ પંદરમી ગાથા સમયસારની છે, આવિર્ભાવ-તિરોભાવ. સમજી ગયા? બધાય પરનો આવિર્ભાવ

કરી-કરી, લક્ષ કરી અને મોહ કરે છે, મમતા કરે છે, રાગ-દ્વેષ કરીને મરે છે. આહાહા!

પરનો પ્રતિભાસ રહી જાય છે. સમજી ગયા? પ્રતિભાસ છૂટતો નથી કોઈ કાળે એટલી સ્વચ્છતા છે એ તો. પર લક્ષ છૂટી જાય છે, (પરનું) લક્ષ છૂટી જાય છે.

મુમુક્ષુ: પ્રતિભાસ તો બંનેના થવાનો છે. એ તો સ્વભાવની સ્વચ્છતા...

પૂ. લાલચંદભાઈ: હો! નિગોદિયાને થાય છે અને કેવળીને થાશે અને સિદ્ધમાં પણ છે. સિદ્ધ પરમાત્મા છે ને? એના જ્ઞાનમાં પણ સ્વ-પરનો પ્રતિભાસ તો છે. એ તો મૂળ સ્વભાવ છે.

**अर्थ विकल्पो ज्ञानं प्रमाणम्** એ જે ૫૫૮ તમને બતાવ્યો ને એ (પંચાધ્યાયી પૂર્વાર્ધ) ૫૪૧ માં છે, વાંચો. પ્રવચનસારનો આધાર પોતે આપ્યો છે. એ જ, એ ૫૪૧. તને ૫૫૮ બતાવી, એના અનુસંધામાં ૫૪૧ છે.

મુમુક્ષુ: હા છે. પ્રવચનસાર ગાથા ૧૨૪. **જેમ પ્રમાણનું લક્ષણ કહેવામાં આવે છે કે અર્થ વિકલ્પ જ્ઞાનરૂપ પ્રમાણ હોય છે, અહીં અર્થ નામ જ્ઞાન અને પર પદાર્થોનું છે.**

પૂ. લાલચંદભાઈ: **જ્ઞાન** એટલે સ્વ. (**અર્થ** એટલે) સ્વ અને પર.

મુમુક્ષુ: **વિકલ્પ નામ જ્ઞાનનું તે આકાર રૂપ થવું તે છે.**

પૂ. લાલચંદભાઈ: **આકાર રૂપ,** પ્રતિભાસ બસ!

મુમુક્ષુ: **સ્વ પર જ્ઞાન થવું તે જ પ્રમાણ છે.**

પૂ. લાલચંદભાઈ: હવે પ્રમાણજ્ઞાન, પર્યાયનું પ્રમાણ જે સ્વપરપ્રકાશક છે (તે) નિશ્ચય નથી, (તે તો) પ્રમાણનો વિષય છે. એ પ્રમાણમાંથી તમે વ્યવહારનો નિષેધ કરો તો હાથમાં આવશે નિશ્ચય; પરને હું જણતો જ નથી, જાણનાર જણાય છે.

મુમુક્ષુ: એ આપણે સૂત્ર લખ્યું જાણનારો જણાય છે.

પૂ. લાલચંદભાઈ: એ આ. પરનો નિષેધ કરવો પડશે. પ્રમાણમાં વ્યવહારનો નિષેધ કરો તો નિશ્ચય હાથમાં આવે - એમ આ ઉપરમાં લખ્યું છે, ઉપરમાં છે. કોઈ નિષેધ કરવાની હિમ્મત કોઈને ચાલતી નથી. લોકાલોકને કેવળી જાણે છે અને આપણે પરને જાણતા નથી? આમ દેખાય છે અને તમે કહો છો કે જાણતો નથી? ભાઈ! એમાં જ્ઞાનનો નિષેધ નથી, ઇન્દ્રિજ્ઞાનનો નિષેધ છે, અજ્ઞાનનો નિષેધ છે. આવિર્ભાવ જે પરનો થાય છે એનો તિરોભાવ થઈ જશે અને આનો (સવનો) આવિર્ભાવ થશે. તને અનુભવ થશે ભાઈ.

મુમુક્ષુ: અને ઈન્દ્રિયજ્ઞાનનો તો ગુરુદેવે (સમયસારની) ૩૧મીં ગાથા જ્યારે આવતી (ત્યારે) ઘણો નિષેધ કર્યો છે.

પૂ. લાલચંદભાઈ: બહુ, બહુ, ઘણો નિષેધ કર્યો છે. એમાં સવાલ જ નથી. અને એમણે એમ કહ્યું કે આંખનો ઉઘાડ પરને જાણે છે, કાનનો ઉઘાડ શબ્દને જાણે છે, ત્યાં સુધી વાત કરી છે.

મુમુક્ષુ: જી હા! છેલી (સમયસારની ૩૭૩-૩૮૨) ગાથાઓમાં.

પૂ. લાલચંદભાઈ: હા, એટલે આંખનો ઉઘાડ જાણે છે, એટલે જ્ઞાનનો ઉઘાડ નથી જાણતો એને, જ્ઞાનનો ઉઘાડ આત્માને જાણે.

મુમુક્ષુ: જ્યાં ઈન્દ્રિયની વાત આવી ત્યાં આ જ્ઞાન નથી.

પૂ. લાલચંદભાઈ: એક ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી એ પુસ્તક છે, એ તને બતાવું. તે પછવાડેથી જો, પછવાડેથી, અહીંયા. આ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ (most important) છે.

મુમુક્ષુ: **(ઈન્દ્રિયજ્ઞાન) બંધના હેતુરૂપ હોવાથી.**

પૂ. લાલચંદભાઈ: એ નથી.

મુમુક્ષુ: આ નીચલો? **જીવને જેટલું વૈષયિક (ઈન્દ્રિયજન્ય) જ્ઞાન છે તે બધું પૌદ્ગલિક માનવામાં આવ્યું છે.**

પૂ. લાલચંદભાઈ: એ નહિ, આ.

મુમુક્ષુ: **ભિન્ન ભિન્ન જ્ઞાનોથી ઉપલબ્ધ હોવાને કારણે શરીર અને આત્માનો સદા પરસ્પર ભેદ છે. શરીર ઇન્દ્રિયોથી - ઈન્દ્રિયજ્ઞાનથી - જણાય છે અને આત્મા ખરેખર સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે.**

પૂ. લાલચંદભાઈ: બે વિષય જુદા છે, એને જાણનાર બે જ્ઞાન જુદા છે. એ જુદાઈનું કારણ આપ્યું કે ઈન્દ્રિયજ્ઞાનથી પર જણાય છે અને આત્મજ્ઞાનથી આત્મા જણાય છે. ઈન્દ્રિયજ્ઞાન આત્માને જાણે નહિ અને આત્મજ્ઞાન પરને જાણે નહિ, એમ આમાં આવ્યું છે.

મુમુક્ષુ: આત્મા ખરેખર જ્ઞાનથી જાણવામાં આવે છે અને ઈન્દ્રિયજ્ઞાન છે એ શરીરને જાણે છે. બે વાત જ આખી જુદી છે.

પૂ. લાલચંદભાઈ: પરને જાણનારું જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે અને સ્વને જાણનારું જ્ઞાન અતીન્દ્રિયજ્ઞાન, આત્મજ્ઞાન છે. આ યોગસારમાં (અમિતગતિ આચાર્ય, ચૂલિકા અધિકાર, ગાથા ૪૮) છે.

મુમુક્ષુ: યોગસાર અમિતગતિ આચાર્યનું. આ બીજો બોલ ઓલો છે ગુરુદેવનો, આત્મધર્મમાંથી કે **આત્મા ખરેખર પરને જાણતો નથી તો પછી પરને જાણવા ઉપયોગ મૂકવો, એ વાત જ ક્યાં રહી?**

પૂ. લાલચંદભાઈ: ક્યાં રહી? આ એમના શબ્દો છે.

મુમુક્ષુ: ગુરુદેવના શબ્દો છે, (આત્મધર્મ) માર્ચ ૧૯૮૧. **પોતે પોતાને જાણે છે, એમ કહેવું તે પણ ભેદ હોવાથી વ્યવહાર છે,**

પૂ. લાલચંદભાઈ: **વ્યવહાર છે,**

મુમુક્ષુ: **ખરેખર જ્ઞાયક તે જ્ઞાયક જ છે તે નિશ્ચય છે, જૈન દર્શન ઝીણું બહુ!** આ મને ખબર છે આપે આનું હેડિંગમાં પણ વાંચેલું એકવાર, અહિયાં પ્રવચનમાં.

પૂ. લાલચંદભાઈ: સાચી વાત છે.

મુમુક્ષુ: બહુ સરસ! પણ આપે ગુરુદેવની વાત ઘણી આમ ...

પૂ. લાલચંદભાઈ: આમ-આમ ખેંચીને, તારવીને મૂળ મુદ્દાની વાત ...

મુમુક્ષુ: ગુરૂદેવ જાણવાના વિષયને લેતા હતા, પરના ..., પણ તે ગાથાઓનું અનુસંધાન હોય ત્યારે. આપે એકધારી લઈ.

પૂ. લાલચંદભાઈ: એકધારી બસ, એકધારી. લોકોનું ધ્યાન ખેંચાય અભ્યાસીઓનું.

મુમુક્ષુ: જ્યારે નિહાલભાઈનું બહાર આવ્યું તો ગુરુદેવ કહે અમે તો આ કહેતા હતા.

પૂ. લાલચંદભાઈ: કહેતા હતા.

મુમુક્ષુ: પણ અમે બીજું-બીજું ગુરુદેવ ગોળ લગાડીને આપે ને, દવા? એવી રીતે.

પૂ. લાલચંદભાઈ: ગોળ-ગોળ લગાડીને, એવી રીતે.

મુમુક્ષુ: બધું સમજનારને ઈશારો સમજી જાય. નિહાલભાઈનું એકધારું.

પૂ. લાલચંદભાઈ: એકધારું.

મુમુક્ષુ: આપે આ જે પરને જાણતો નથી, પરને જાણતો નથી, તો આમ જરાક આમ ચમકારો ખ્યાલ આવ્યો, ઓહો કઇંક વાત જુદી છે!

પૂ. લાલચંદભાઈ: ચમકે તો સારું! જેમ કુંભારથી ઘડો ન થાય - એ ચમકયા, એમ મેં કહ્યું પરને જાણતો જ નથી, જાણનાર જણાય છે, બધાને. આબાળગોપાળ સૌને જણાય છે. ઠીક! એમાં સ્વપરપ્રકાશક નથી લીધું, **આબાળગોપાળ સૌને** સ્વ-પર જણાય છે એમ નથી લીધું.

મુમુક્ષુ: સ્વ જ જણાય.

પૂ. લાલચંદભાઈ: લીધું છે કે નહિ?

મુમુક્ષુ: ચોખ્ખું, ચોખ્ખું લીધું છે. પોતે, પોતાને જણાય છે **આબાળગોપાળ સૌને સદાકાળ** જણાય છે. પર જણાઈ જશે એની વાત નથી લીધી.

પૂ. લાલચંદભાઈ: એમ વાત જ નથી. સ્વપરપ્રકાશક લીધું જ નથી. એમ છે પણ નહિ. પર સંબંધી પોતાનું જ્ઞાન જણાય છે એ તો સ્વપ્રકાશક થયું.

મુમુક્ષુ: એ તો પોતાનું જ્ઞાન થયું.

પૂ. લાલચંદભાઈ: પોતાનું જ્ઞાન થયું. એનું ક્યાં થયું?

મુમુક્ષુ: બહુ સરસ! અને કુંદકુંદાચાર્યે પોતાને જાણ કીધું પહેલામાં પહેલો જાણવો.

પૂ. લાલચંદભાઈ: આત્માને જાણ.

મુમુક્ષુ: તો અમૃતચંદ્રાચાર્યે એટલું સરસ કરી નાખ્યું એનું કે જાણવા માટે તારે બીજી કાંઈ મહેનત નથી કરવી, જણાઈ રહ્યો છે!

પૂ. લાલચંદભાઈ: જણાઈ રહ્યો છે, તું હા પાડ. તને જણાઈ રહ્યો છે.

મુમુક્ષુ: બસ! એટલે ઓલામાં જાણવામાં મારે શું કરવું, તે એક ઉપાધિ.

પૂ. લાલચંદભાઈ: કેવી રીતે જાણવું? કેવી રીતે જાણવું? આ તો કહે છે તને જણાઈ રહ્યો છે, સ્વીકાર કરી લે, હા પાડ, હા પાડ તો હાલત થશે. આ (પર) નથી જણાતું મને, જાણનાર જણાય છે.

મુમુક્ષુ: બહુ સરસ! એ ગાથા પણ ગજબની! આમ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યે અમુક-અમુક ગાથાઓમાં આમ બહુ જ ચમકારો (કર્યો). નિયમસારની અમુક ગાથાઓમાં પણ આમ.

પૂ. લાલચંદભાઈ: સમયસારની, સમયસાર લેજો. સમયસારની ૯૨-૯૩ ગાથા કાઢો. સમયસારની ૯૨ ગાથામાં કુંદકુંદ ભગવાનની ગાથાનો અર્થ વાંચો. મૂળ ગાથાનો અર્થ.

મુમુક્ષુ: **જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પર કરે છે તે અજ્ઞાનમય જીવ કર્મોનો કર્તા થાય છે.**

પૂ. લાલચંદભાઈ: **કર્મોનો કર્તા થાય છે** એમ કહ્યું. અમૃતચંદ્રાચાર્ય લખે છે કે **કર્મનો કર્તા પ્રતિભાસે છે.** મોટો ફેર છે, મોટો ફેર છે. ઓમાં છ - કર્તા થાય છે તો કહે છે કે ખરેખર જે મૂળ દ્રવ્ય છે એ કર્તા (થતો નથી), એ તો અકર્તા રહે છે. સમજી ગયા? પણ પર્યાયની પ્રધાનતાથી કર્તા લખ્યું. સમજી ગયા? ઓલું તો અકર્તા રહે છે ત્રિકાળ. ત્યારે એની ચોખવટ કરી, કર્તા થતો નથી રાગનો, પણ હું રાગને કરું છું એમ એને ભાસે છે, એ ભાસે છે એટલે અજ્ઞાન છે. અજ્ઞાન છે માટે (ભાસે છે) એમ નહિ.

મુમુક્ષુ: અચ્છા, એટલે ભાસે છે માટે અજ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: કર્તા થઈ ગયો, અજ્ઞાન થઈ ગયું. અજ્ઞાની પણ રાગને કરતો નથી પણ રાગ થાય છે એ વખતે દૃષ્ટિ રાગ ઉપર છે એટલે, 'રાગ હું કરું છું' - એમ એને ભાસે છે.

મુમુક્ષુ: ભાસે છે માટે અજ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: જો એ કર્તા થઈ ગયો હોય તો અકર્તા થાય નહિ, માટે ભાસે છે. એ પ્રતિભાસ અજ્ઞાન છે. ૯૨-૯૩ બેયમાં છે આ.

મુમુક્ષુ: **પોતે જ્ઞાનમય થયો થકો, કર્મનો અકર્તા પ્રતિભાસે છે**.

પૂ. લાલચંદભાઈ: **અકર્તા પ્રતિભાસે છે**, અકર્તા થયો નહિ, અકર્તા તો છે જ. ઓહો! હું અનાદિથી તો અકર્તા હતો, મારી ભૂલ હતી હો!

મુમુક્ષુ: બસ! એટલો પ્રતિભાસ થયો, જ્ઞાની થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાની થઈ ગયો.

મુમુક્ષુ: બહુ સહેલું થઈ ગયું કામ.

પૂ. લાલચંદભાઈ: સહેલું જ છે. આ તને આપું છું આ માલ, નિચોડ, ૫૦ વર્ષનો નિચોડ કહું છુ તને.

મુમુક્ષુ: બહુ આપને અમસ્તી કરુણા ઘણી જ છે, એટલે કીધું. પણ બહુ સરસ આપે (કીધું)!

પૂ. લાલચંદભાઈ: અભ્યાસીને બહુ અમૃત જેવું લાગે.

મુમુક્ષુ: બરોબર. બહુ સરસ! પોતે અકર્તા જ છે.

પૂ. લાલચંદભાઈ: છે જ અનાદિ-અનંત બધાય, પણ કર્તા છું એમ ભાસે છે, એ અજ્ઞાન છે. જેમ પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં ચૌદમી ગાથામાં (કહ્યું) કે રાગ ..., કર્મકૃત રાગથી અસંયુક્ત એટલે રહિત હોવા છતાં અજ્ઞાનીને એમ લાગે છે કે 'સહિત છું' એટલે સંસાર ઊભો થાય છે. છે તો રહિત જ, માને છે સહિત છું. (શાસ્ત્ર) પછવાડે છે.

મુમુક્ષુ: **એ રીતે આ આત્મા કર્મકૃત રાગાદિ અને શરીરાદિ**

પૂ. લાલચંદભાઈ: અને જીવકૃત નહિ પહેલા લખ્યું.

મુમુક્ષુ: કર્મકૃત. **કર્મકૃત રાગાદિ અને શરીરાદિ ભાવોથી અસંયુક્ત હોવા છતાં પણ અજ્ઞાનીઓને સંયુક્ત જેવો પ્રતિભાસે છે.** આજે પ્રતિભાસની વાત બહુ સરસ આપે કરી છે.

પૂ. લાલચંદભાઈ: પ્રતિભાસ ઉપર આખો આધાર છે. પ્રતિભાસ ઉપર આખો (આધાર છે). અમૃતચંદ્રાચાર્યની શૈલી પ્રતિભાસની બહુ છે.

મુમુક્ષુ: બહુ-બહુ. પ્રતિભાસે છે, પ્રતિભાસે છે.

પૂ. લાલચંદભાઈ: એટલે કે છે નહિ, એમ નથી.

મુમુક્ષુ: પણ પ્રતિભાસે છે તેને.

મુમુક્ષુ: પ્રશ્ન રહેતો હતો કે એમ કે દૃષ્ટિના વિષયનું જોર રહ્યા કરે એટલે કાળ કેમ જતો હશે?

પૂ. લાલચંદભાઈ: દૃષ્ટિના વિષયનું જોર ભલે રહેતું હોય, પણ, દૃષ્ટિના વિષયની અધિકતા તો આવી ગઈ, એવો જીવ આપણે લઈએ. (ટેપ tape) ઉતરે છે?

દૃષ્ટિના વિષય તરફ તો આવી ગયો છે, પણ દૃષ્ટિનો જે વિષય છે, જે અનુભવનો વિષય છે એ જ દૃષ્ટિનો વિષય છે. પણ એને જે અપૂર્વ નિર્ણય આવવો જોઈએ એ નથી આવ્યો હજી. એ એક અપૂર્વ નિર્ણય અનુભવ પહેલાં, સમ્યગ્દર્શન પહેલાં, આવે છે.

મુમુક્ષુ: એના માટે?

પૂ. લાલચંદભાઈ: એના માટે બીજું કાંઈ નહિ, આ જે દૃષ્ટિનો વિષય આવે છે, એ ઘોળાયા કરે. એની બીજી પ્રોસેસ (process) કોઈ છે નહિ. પણ એક વાત નક્કી છે કે, દૃષ્ટિનો વિષય પણ એને યથાર્થપણે નિર્ણય થતો નથી, એનું એક કારણ રહી જાય છે કે, વ્યવહારના જેટલા પ્રમાણમાં નિષેધ કરવો જોઈએ એટલા પ્રમાણમાં એ કરતો નથી. ક્યાંક પણ એ વ્યવહારના પક્ષમાં ઢીલો છે, નિષેધ કરવા માટે. જેટલું બળ આવવું જોઈએ નિષેધનું, જ્યાં જેટલું બળ (આવવું જોઈએ) એટલું આવે ત્યારે આ નિશ્ચયનો પક્ષ આવશે. પક્ષાતિક્રાંત પછી થશે. પહેલાં પક્ષ આવે છે. ભલે દૃષ્ટિનો વિષય ઘોળે છે એ, પણ હજી પક્ષમાં નથી આવ્યો. અનુભવ પહેલાંની વાત છે.

મુમુક્ષુ: હાજી! હાજી! અનુભવ પહેલાંની વાત છે.

પૂ. લાલચંદભાઈ: એ પંચાધ્યાયીએ લીધું છે, સમજી ગયા? કે પહેલાં પક્ષ આવે છે.

મુમુક્ષુ: એટલે વ્યવહારનો નિષેધ નથી આવતો, જોઈએ એટલો, તો એમાં પ્રમાણની વાત, પ્રમાણનો નિષેધ આવવો જોઈએ?

પૂ. લાલચંદભાઈ: નહિ. એટલે પ્રમાણમાં જ બે અંશ છે - નિશ્ચયનયનો વિષય અને વ્યવહારનયનો વિષય, બન્ને પ્રમાણમાં આવે છે. એટલે વ્યવહારનયના વિષયનો જેટલા માત્રામાં (નિષેધનો) જોર આવવું જોઈએ, એટલા માત્રામાં નથી આવતો એટલે પ્રમાણનો પક્ષ રહી ગયો.

મુમુક્ષુ: એટલે જે ગુરુદેવ એમ લેતાં કે પ્રમાણના લોભમાં...

પૂ. લાલચંદભાઈ: આ એ. એ આ કે દ્રવ્ય પણ છે અને પર્યાય પણ છે. પર્યાય દેખાય છે એને હજી. પર્યાય દ્રવ્યમાં નથી એવું દ્રવ્ય દેખાતું નથી. એવું એક દ્રવ્ય દેખાઈ જાય કે જેમાં પર્યાય નથી. પર્યાય છે એ ફર્સ્ટ સ્ટેજમાં આવી ગયું. નિર્ણયવાળો પણ પર્યાયનું અસ્તિત્વ છે - એ સ્વીકારે છે; પણ પર્યાય મારામાં નથી એવો હું છું. (પ્રમાણના પક્ષવાળાને) એવો યથાર્થ નિર્ણય, માનસિક નિર્ણય નથી આવતો. માનસિક નિર્ણય છે, મન વડે કળી લે છે આ. સમજી ગયા? એવો એક અપૂર્વ નિર્ણય આવે છે, અનુભવ પહેલાં. કોઈને અંતર્મુહૂર્તમાં અનુભવ થાય, કોઈને કાળ જાય, વાર લાગે છે.

મુમુક્ષુ: પણ પ્રોસેસ તો આ છે.

પૂ. લાલચંદભાઈ: પ્રોસેસ આ, બીજું કાંઈ નહિ. જેટલી માત્રામાં વ્યવહારનો નિષેધ એટલી

માત્રામાં નિશ્ચયનો પક્ષ. સો ટકા નિષેધ તો સો ટકા પક્ષ આવશે અને પક્ષ આવ્યો શું અને પક્ષાતિક્રાંત થયો શું! પક્ષ આવવો જોઈએ એ પક્ષ નથી આવ્યો. સો ટકા આવવો જોઈએ.

મુમુક્ષુ: સો ટકા આવે એ ભેગો પક્ષાતિક્રાંત થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: પક્ષાતિક્રાંત થઈ જાય છે.

મુમુક્ષુ: એટલે ગુરુદેવ જે લેતા હતા આ પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથામાં કે જિનવર દેવ એને જિન કહે છે જે ઉત્પાદ-વ્યય રહિતનો જીવ છે, એને જીવ કહે છે.

પૂ. લાલચંદભાઈ: હા! એને જીવ કહે છે એટલે ધ્રુવનો પક્ષ આવવો જોઈએ, એ આ. ઉત્પાદ-વ્યય કહીને તો કમાલ કરી નાખી. પ્રમત્ત-અપ્રમત્તથી આગળ, અગુરુલઘુગુણની પર્યાયથી પણ આગળ. પ્રમત્ત-અપ્રમત્તથી રહિત એટલે કોઈ બાકી રહેતું નથી, ખલાસ! ઉપયોગ લક્ષણ એમાં આવી ગયું - ઉત્પાદ-વ્યય. ઉપયોગ લક્ષણ છે ને? એ પર્યાયનું લક્ષણ છે. જીવનું લક્ષણ પરમપારિણામિક છે. ઉત્પાદ-વ્યયમાં આવી ગયું કે નહિ, ઉપયોગ લક્ષણ? કેમકે ક્રિયા થાય છે ઉપયોગમાં. એનાથી રહિત (ભગવાન આત્મા) છે. ઉપયોગથી પણ રહિત છે.

ઉપયોગથી અનન્ય છે એ પણ આવશે. એ જ્ઞેય-પ્રધાન, જ્ઞાન-પ્રધાન કથનમાં આવ્યા જ કરશે, એ તો આવે જ્ઞેય. કથન પદ્ધતિ બે છે.

મુમુક્ષુ: આ તો આપણી મૂળભૂત વસ્તુએ પહોંચવું હોય એને.

પૂ. લાલચંદભાઈ: પહોંચવું હોય એના માટેની આખી વાત તમને કરુ છું. ઉપયોગ લક્ષણ છે, આત્મા એમાં જણાય છે, ઉપયોગમાં ઉપયોગ છે, એ બધી અમને ખબર છે.

મુમુક્ષુ: વાત પક્ષાતિક્રાંત થવાને માટેની વાત છે એટલે આપે કહ્યું.

પૂ. લાલચંદભાઈ: (પક્ષાતિક્રાંત) થવાને માટે. કોઈ પણ પર્યાયનો પક્ષ રહેવો ન જોઈએ.

મુમુક્ષુ: આપે કીધી તે પ્રોસેસમાં હોય પણ એને આમ ઊંડે-ઊંડે એમ રહ્યા કરે કે મને સમ્યગ્દર્શન ક્યારે થાય?

પૂ. લાલચંદભાઈ: હા સમ્યકત્વ (ક્યારે થાય) અને સમ્યગ્દર્શન કેમ થતું નથી એની રાહ જોયા કરે.

મુમુક્ષુ: એટલે પર્યાય ઉપર જ ગયો ને?

પૂ. લાલચંદભાઈ: પર્યાય ઉપર જ ગયો ને?

મુમુક્ષુ: એટલે એ તો પર્યાયનું અને પર્યાયનું જ લક્ષ રહ્યું.

પૂ. લાલચંદભાઈ: એ નું એ જ રહ્યું. બીજું કંઈ નહીં.

મુમુક્ષુ: ઘોલન કર્યા કરે ધ્રુવનું, અને નજર...

પૂ. લાલચંદભાઈ: (ઘોલન કર્યા કરે) ધ્રુવનું અને ધ્યાન કરે પર્યાયનું.

મુમુક્ષુ: અને ખ્યાલમાં આવે અને એમ થાય કે હું તો બહુ કરું છું. બહુ સરસ આપે (બતાવ્યું). એટલે સમ્યગ્દર્શનનું આમ ક્યારે પામું, ક્યારે પામું, ક્યારે પામું?

પૂ. લાલચંદભાઈ: એ ખોટું છે. એ તો પર્યાયની જ ભાવના થઈ. દ્રવ્યની ભાવના છૂટી ગઈ. ધારાવાહી ભાવનાએ ઉપડે ત્યારે એ પક્ષમાં આવે છે. અને પક્ષમાં આવે છે એને ખબર પડે છે,

બાકી પોતાને જ, બીજાને ખબર ન પડે. અને એને ખાત્રી થઈ જાય કે હવે થોડાક ટાઈમમાં સમ્યગ્દર્શન થશે. એ પક્ષ પણ અપૂર્વ છે, અનંતકાળથી એને નથી આવ્યો.

મુમુક્ષુ: હા એ તો ત્યાં આવ્યો હોય તો તો આગળ પૂરું થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: તો-તો સમ્યગ્દર્શન થઈ ગયું હોત ને?

મુમુક્ષુ: પૂરું થઈ ગયું, ત્યાંથી થોડો પાછો આવવાનો?

પૂ. લાલચંદભાઈ: પક્ષમાં નથી આવ્યો.

મુમુક્ષુ: એક બીજો સામાન્ય પ્રશ્ન કે આ ભટ્ટી જેવું દુઃખ લાગે તો આત્માર્થીને કામ થાય કે આમ ઉત્સાહ વડે કામ થાય?

પૂ. લાલચંદભાઈ: કામ તો ઉત્સાહ વડે જ થાય છે. ભટ્ટીનો તો એટલા માટે એમણે કહ્યું કે ક્યાંય એ સંતોષાય નહિ, ક્યાંય એને અહં ન થઈ જાય, ક્યાંય 'આહા!' ન થઈ જાય. અને માનો કરોડ઼ રૂપિયા આવી ગયા અથવા તો કોઇ માનપત્ર આપે તો ત્યાં પણ એને શુભભાવમાં મીઠાશ આવી જાય, તો એ ન આવવું જોઇએ, એટલા માટે ભટ્ટી કહ્યું. પણ કામ તો અસ્તિથી થાય છે. એ (ભટ્ટી જેવું દુઃખ) એમાં નથી. ભટ્ટી જેવું કોને લાગે? આત્માને તો લાગતું નથી કેમકે આત્મામાં તો ભટ્ટી નથી, રાગ નથી. એનાથી ભિન્ન છે આત્મા.

બાકી એવું છે જીતુ, કથનની પદ્ધતિના પ્રકારમાં, સમષ્ટિગત છે આ. ગુરુદેવની વાણી છે ને? એ સમષ્ટિગત છે. કોઈ ક્યાં રોકાતો હોય, કોઈ ક્યાં રોકાતો હોય. અનેક પ્રકારની વાતો તો એમાં આવતી હોય. એટલે વાત તો એ ઘણી આવતી હોય પણ અસ્તિ ઉપર તમારે જાવું જોઇએ. નાસ્તિનું જ્ઞાન કરી લેવું કે દુઃખ જ છે. જે ભાવે તીર્થંકર કર્મની પ્રકૃતિનો બંધ થાય એ શુભરાગ પણ ભટ્ટી જેવું છે, દુઃખ જ છે હો, એમાં કાંઈ છાંટો સુખ નથી. એમાં ક્યાં સુખ છે રાગમાં? એ તો એનું એ થયું. એટલે એ બરાબર છે, જે કહે છે.

મુમુક્ષુ: પણ ઉપાડ માટે તો એને ઉત્સાહ?

પૂ. લાલચંદભાઈ: અસ્તિનો, અસ્તિનો, અસ્તિનો, અસ્તિનો, અસ્તિનો. નાસ્તિનું જ્ઞાન ભલે થતું જાય, નાસ્તિનું જ્ઞાન કરતો જાય એમ નથી કેહતો. ભલે નાસ્તિનું જ્ઞાન થતું જાય પણ જોર અસ્તિ ઉપર આવતું જાય, અસ્તિ ઉપર આવતું જાય. એમાં કોઈ વખતે પક્ષમાં આવી જાય છે, પક્ષાતિક્રાંત પછી થઈ જાય એવું છે.

મુમુક્ષુ: નાસ્તિના જ્ઞાનનું જોર નથી કરવાનું?

પૂ. લાલચંદભાઈ: નાસ્તિનું જ્ઞાન થતું જાય અને અસ્તિનું જોર વધતું જાય.

મુમુક્ષુ: અસ્તિનું જોર વધતું જાય, બરાબર! એમાં એનું કામ થાય.

પૂ. લાલચંદભાઈ: નાસ્તિનું જ્ઞાન તો સહજ થાય ને! કેમકે વ્યવહારનો નિષેધ કરે છે એનો અર્થ એનું જ્ઞાન થઈ ગયું. પર્યાય મારામાં નથી, એ તો એ પર્યાયનું જ્ઞાન થઈ ગયું ને? એ પર્યાયનો સ્વીકાર થઈ ગયો એને, છે પર્યાય પણ મારામાં નથી, પણ મારામાં નથી. પર્યાયની અસ્તિ, પણ મારામાં નાસ્તિ, એવી મારી અસ્તિ, એવો હું છું. સમજી ગયા?

મુમુક્ષુ: એવો હું. બહુ સરસ!

(જીતુભાઈ ઓડિઓ ટેપ ફેરવે છે)

મુમુક્ષુ: વિષય એટલો હતો ને, એમ કે એમાં ખબર પડે એવું છે નહિ. બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: વિષય, બહુ સારો!

મુમુક્ષુ: પ્રતિભાસનું જે એમાં ખાસ આપે ખાસ વિષય લીધા ...

પૂ. લાલચંદભાઈ: અને નાગરભાઈ અને ઉમેદભાઈ ખૂબ મહેનત બેય કરે છે, મને ખબર છે. સમજી ગયા? એટલે એ બેનું લક્ષ રાખી અને તને વાત કરું છું. બીજું તું પણ આમાં આટલો ઉંડો રસ લે છે એ આજે ખબર પડી મને. એટલે વિશેષ તમે ત્રણે મારી નજર સામે રાખીને આ કહું છું.

આ જ કરવા જેવું છે. આહાહા! પ્રતિભાસને કોણ ઉડાડે? દર્પણમાં સામે મોઢું, મોઢું જાણવાનું બંધ થાય ને, તો મને દર્પણ જણાય - એમ નથી. મોઢું જણાયા કરશે અને મોઢું નહિ જણાય અને અરીસો જણાશે, એવો કાળ આવશે તારે લે, એમ કહે છે.

મુમુક્ષુ: મોઢું નહિ જણાય, તો-તો અરીસો જ નહિ હોય.

પૂ. લાલચંદભાઈ: અરીસો જ ન હોય.

મુમુક્ષુ: એટલે મોઢું તો જણાવાનો જ છે.

પૂ. લાલચંદભાઈ: જણાવાનો જ છું.

મુમુક્ષુ: લક્ષ છૂટી જવાનું.

પૂ. લાલચંદભાઈ: હા!

મુમુક્ષુ: જણાવાનો અરીસો, ત્યારે તો જ સાચું.

પૂ. લાલચંદભાઈ: બસ! મોઢા ઉપરથી લક્ષ છૂટી જાય છે. આ જ્ઞેય છે અને તે જ્ઞેયાકાર છે. જ્ઞેય અને જ્ઞેયાકાર બેનું લક્ષ છૂટે છે અને જ્ઞાનાકારમાં વયો જાય છે, એમ.

મુમુક્ષુ: એ દૃષ્ટાંત બહુ સરસ! પ્રતિભાસ અને લક્ષનું બહુ સરસ વાત, પાછા આધાર બધા મળી ગયા.

પૂ. લાલચંદભાઈ: આધાર આપ્યા ને તને? બધા આધાર આપ્યા. જયસેન આચાર્યનો મૂળનો આધાર આપ્યો, કેવી રીતે તમે આહારને જાણો છો? કે **दर्पण में आये हुए प्रतिबिंब के समान** (ઇંદ્રિયજ્ઞાન જ્ઞાન નથી, બોલ ૧૦૮). એટલે ડાયરેકટ આહાર ઉપર લક્ષ નથી મારું. અને આહાર નથી જાણતો એમ પણ કહતો પણ નથી. એ કેવી રીતે જણાય છે કે **दर्पण में आये हुए प्रतिबिंब के समान** એમ કે અહીંયા તેનો પ્રતિભાસ થાય છે. તો હું તો જ્ઞાનને જાણું છું, તો જ્ઞાનને જાણતાં જ્ઞાનમાં જે પ્રતિભાસ થયો એ પણ જણાઈ ગયું. આહાર જણાઈ ગયો, પણ આહારનું લક્ષ નથી.

મુમુક્ષુ: માટે જ્ઞાન તે જ જણાતા (આહાર જણાઈ ગયો). બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: આહાહા! એમ છે. આહારને જાણે તો જ્ઞાન રહેતું નથી.

મુમુક્ષુ: તો એ વિશેષતા સીધી ઈન્દ્રિયજ્ઞાનમાં ગઈ?

પૂ. લાલચંદભાઈ: હા! ઈન્દ્રિયજ્ઞાન, એમાં કાંઈ છે નહિ માલ. હવે તો દ્રવ્યલિંગીને પૂછો શું જણાય છે? તો કહે આહાર જણાય છે. પછી પાણી પીતા હોય તો શું જણાય છે? પાણી જણાય છે, એમ જ કહે એ. દ્રવ્યલિંગી મુનિ એમ જ કહે. ખાતરી કરવી હોય તો કરી લેજે.

મુમુક્ષુ: હા ભાઈ! એ તો ઇન્દ્રિયજ્ઞાનના વિષયમાં તો બધાથી એમ જ આવવાનું ને? મૂળ વિષય આખો...

પૂ. લાલચંદભાઈ: એમાં કાઈં છે નહિ. એવું તો અનંતવાર કર્યું, ભાઈ!

મુમુક્ષુ: એક મને ક્યારેક-ક્યારેક આમ ખેદ એ રીતે રહ્યા કરે કે અમારે આખો દિવસ પ્રવૃત્તિનું હોય, સવારથી લઈને રાત (સુધી). તો એમાં આ ઘોલનની ધારા અથવા તો ભેદજ્ઞાન (ચાલે), એના માટે શું કરવું? પ્રવૃત્તિ તો અત્યારે ઉદય એવો છે કે કેસેટનો (cassette) કામ ગુરુદેવનું અત્યારે હવે તો ભાઈ! દિવસે-દિવસે એટલું વધતું જાય છે કે અમે પહોંચતા જ નથી.

પૂ. લાલચંદભાઈ: એમ? એટલું વધે છે?

મુમુક્ષુ: લોકો હવે આની ઉપર જ ઉતરી ગયા છે કારણ કે આ બધું વાતાવરણને હિસાબે કોઈક આમ કહે ને કોઈક આમ કહે.

પૂ. લાલચંદભાઈ: વધે. વધતું જાય છે. વધતું જાય છે. અને એ ઓથોરીટી (authority) છે. ગુરુદેવની ટેપ છે એ ઓથોરિટી એટલે એ ઉતરાવે એ બરાબર છે.

મુમુક્ષુ: એટલે અમારે પ્રવૃત્તિ વધતી જાય છે. તો એમાં અમારો મનુષ્ય દેહ તો ચાલ્યો જાય ને? કાળ તો ચાલ્યો જાય છે.

પૂ. લાલચંદભાઈ: જો જીતું, તારે આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય એવું એક નાનું પુસ્તક તને બતાવું. એ તારે લાઈફટાઈમ (આજીવન) માટે છે, લાઈફટાઈમ (lifetime).

મુમુક્ષુ: બહુ સરસ! બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: **જ્ઞાયકભાવ** પુસ્તક છપાણું છે. (સમયસાર) છઠ્ઠી ગાથા ઊપર.

મુમુક્ષુ: હા... છઠ્ઠી ગાથા!

પૂ. લાલચંદભાઈ: તમારે ત્યાં હશે? નહિતર હું આપું? એક **જ્ઞાયકભાવ** પુસ્તક, છઠ્ઠી ગાથા. પણ શું એની અંદર માલ ભર્યો છે, બહુ માલ ભર્યો છે! તારું કામ થઈ જશે. એક, એક એ પુસ્તક અને બીજું **અધ્યાત્મ પ્રવચન રત્નત્રય**, માલ છે એમાં પણ. બસ આ બે પુસ્તક લાઈફટાઈમ વાંચવા જેવા છે. એમાં (અધ્યાત્મ પ્રવચન રત્નત્રયમાં) પહેલાંમાં ધ્યેયની વાત કરી છે (સમયસારની) ૩૨૦ (ગાથા)ની, પછી (પ્રવચનસારની) ૧૧૪ (ગાથા)માં ધ્યાન કેમ કરવું આત્માનું, એ ધ્યાનની વિધિ કહી છે. પર્યાયાર્થિક ચક્ષુ બંધ કર અને દ્રવ્યાર્થિક ... , એ ધ્યાનની વિધિ છે, અને એનું ફળ ધ્યાતા, (કળશ ટીકા) ૨૭૧ (કળશ), જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય - અભેદ. જ્ઞાતા પણ અહીંયા, જ્ઞેય પણ અહીંયા, જ્ઞાન પણ અહીંયા, ત્યાં નહિ કાંઈ. હું જ્ઞાતા અને છ દ્રવ્ય મારું જ્ઞેય - ભ્રાંતિ છે. વ્યવહાર ન લખતા ભ્રાંતિ લખ્યું છે.

મુમુક્ષુ: ભ્રાંતિ લખ્યું છે કળશ-ટીકાકારે.

પૂ. લાલચંદભાઈ: એટલે એ તેર વ્યાખ્યાન એમાં છે. એ વાંચવા અને એક આ જ્ઞાયકભાવ પુસ્તક. જ્ઞાયકભાવ તો જાતાવેંત શરુ કરી દેજે.

મુમુક્ષુ: હા જી, હા જી, અત્યારે આપની પાસેથી લેતો જઈશ, યાદગીરી.

પૂ. લાલચંદભાઈ: હા, હું આપી દઉં, અહી છે.

મુમુક્ષુ: એ છે. ઘરે છે પણ આપની પાસેથી ... કારણ કે એ મને રહ્યા કરે છે. બહુ સરસ!

પૂ. લાલચંદભાઈ: બહુ ઊંચું છે અને આવડા-આવડા અક્ષર છે, મોટા અક્ષર છે. એટલે વાંચવામા સારું પડશે. પણ એક પાનું વાંચો, એ ન સમજાય તો બીજી વાર, ત્રીજી વાર વાચવાનું. બસ! આ બે પુસ્તક લાઈફટાઇમ (માટે) બસ છે. આખો ૪૧૫ ગાથાનો નિચોડ છે આ, છઠ્ઠી ગાથા, છઠ્ઠીના લેખ. અને ગુરુદેવના વ્યાખ્યાન અક્ષરે-અક્ષર છે.

મુમુક્ષુ: હા! અને ગુરુદેવને ખૂબ પ્રસન્નતા આવે છે એમાં, છઠ્ઠી ગાથાના (પ્રવચન) બહુ સરસ. પણ આજે આપે ટાઇમ કાઢીને મને ઘણું આપ્યું.

પૂ. લાલચંદભાઈ: ચર્ચા સાવ બંધ છે, બિલકુલ. આ તમારા માટે જ અને તમે ત્રણ જે જિનવાણીનું રક્ષણ કરો છો, એટલે ભાવ આવ્યો બાકી આ ચર્ચા સાવ બંધ છે. ગુરુદેવનું બધું સાહિત્ય બહાર પડી ગયું છે, વાંચો બસ.

મુમુક્ષુ: એનો દુરુપયોગ કર્યો છે.

પૂ. લાલચંદભાઈ: દુરુપયોગ જ છે ને? પરપ્રકાશક લક્ષણ છે એટલે હું પરને તો જાણું જ છું (એમ માને તો) એને નિષેધ ન આવે.

મુમુક્ષુ: એમાં ઓતપ્રોત થઇ ગયો.

પૂ. લાલચંદભાઈ: એને સ્વભાવ માન્યો, 'પરને જાણું છું' એ એણે સ્વભાવ માન્યો છે, એટલે નિષેધ આવી શકતો નથી, મારો કહેવાનો આશય એ છે. સ્વપરપ્રકાશક છે અને કેવળી લોકાલોકને જાણે અને હું મારા ક્ષયોપશમ વડે સ્વ-પરને જાણું, નિષેધ આવે જ નહિ.

મુમુક્ષુ: નિષેધ ન જ આવે, સ્વભાવ માને, નિષેધ ક્યાંથી આવે?

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ માને એને નિષેધ ક્યાંથી આવે? એટલે અંદર જતો નથી, ઉપયોગ આવતો નથી (અંદર), બહાર રખડે છે, વ્યાવૃત્ત નથી થતો પરથી.

મુમુક્ષુ: એટલે પરપ્રકાશકપણાને સ્વભાવ માની અને એમાં પછી નિષેધ ક્યાંથી આવે?

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ માન્યો છે ને પર(પ્રકાશક)? આ પંખો જણાય છે - ચોખ્ખું જણાય છે, આ શાસ્ત્ર જણાય છે, આ ટેપરેકોર્ડર (tape recorder) જણાય છે, એનો નિષેધ ક્યાંથી હોય?

મુમુક્ષુ: સ્વભાવનો નિષેધ ક્યાં? વિભાવનો નિષેધ કરતાં શીખે.

પૂ. લાલચંદભાઈ: હાં! રાગનો નિષેધ આવે પણ જાણવાનો નિષેધ ન આવે, મુશ્કેલી છે એ, એટલે ઓછા પામે છે. એ આ પોઇંટ (point) જરા સૂક્ષ્મ છે, આ પોઇન્ટ જ સૂક્ષ્મ છે. બધાને બેસી જાય એવું નથી.

મુમુક્ષુ: કે આ (પરપ્રકાશક) સ્વભાવના લોભે, સ્વભાવ માનીને એનાથી (બહિર્મુખથી) ખસે ક્યાંથી?

પૂ. લાલચંદભાઈ: ઉપયોગ બહિર્મુખ રહ્યા કરે, સ્વભાવ માને એટલે બહિર્મુખ રહે. રાગ વિભાવ માન્યો છે એટલે એનાથી તો ભેદજ્ઞાન કરી શકે. આને, પરને જાણવું સ્વભાવ માન્યો છે.

મુમુક્ષુ: જેમ ઓલો ભગવાનની ભક્તિથી લાભ માને છે એ ત્યાંથી ખસી નથી શકતો.

પૂ. લાલચંદભાઈ: હા એમ, નથી (ખસી) શકતો.

મુમુક્ષુ: એમ આ પરને સ્વભાવ માને છે, એટલે પરને જાણવાનો સ્વભાવ માને છે એટલે પરથી ખસી ન શકે, એમાં જ રહે છે.

પૂ. લાલચંદભાઈ: ઉપયોગ બાહર જ રહે. આ એમ ન કહ્યું ગુરુદેવે કે ખરેખર તો ઉપયોગ પરને જાણતો નથી તો પરને જાણવાની વાત ક્યાં રહી? એ પુરુષે કહ્યું છે ને?

મુમુક્ષુ: ચોખ્ખું! બહુ સરસ. જાણતો જ નથી પછી ઉપયોગ મૂકવાનું ક્યાં રહ્યું?

પૂ. લાલચંદભાઈ: ક્યાં રહ્યો? જાણતો જ નથી. જાણે છે પોતાને જ. સમય-સમય આબાલગોપાળ સૌ, પોતાને જ જાણે છે, પરને જાણતો જ નથી. પણ આ જે છે ને? એ આકરી-આકરી વાત છે બહુ, નિષેધ આવવો બહુ આકરી વાત છે. (જેને) સ્વભાવ માને છે એ નિષેધ ક્યાંથી આવે? કેમકે સ્વપરપ્રકાશક તો પાછું સૂત્ર છે ને?

મુમુક્ષુ: હા સૂત્ર છે. સ્વપરપ્રકાશક (તો) સ્વભાવ છે.

પૂ. લાલચંદભાઈ: સ્વભાવ છે, સ્વપરપ્રકાશક સ્વભાવ છે, વિભાવ નથી.

મુમુક્ષુ: સ્વભાવનો નિષેધ કરાય? એટલે એમ આવ્યું સ્વભાવનો નિષેધ કરાય? સ્વભાવ-સ્વભાવ કરે છે.

પૂ. લાલચંદભાઈ: એટલે એ સૂક્ષ્મ પોઈન્ટ છે.

મુમુક્ષુ: બહુ સરસ છે. ન્યાલ કરી ગયા ગુરુદેવ.

પૂ. લાલચંદભાઈ: ગુરુદેવ બધું કહી ગયા છે, બધું કહી ગયા છે.

મુમુક્ષુ: બહુ! એમાંથી મૂળ વિષયને તારવી લેવો, બસ.

પૂ. લાલચંદભાઈ: બસ! તારવવાની કિંમત છે. આમાં બહુ માલ મળશે તને. બાકી એમની (ગુરુદેવની) ટેવ એવી છે કે નિશ્ચયની વાત કહેતાં-કહેતાં વ્યવહારને વીંટળાવી-વીંટળાવીને નિશ્ચયની વાત કહેશે એ તમે ધ્યાન રાખજો. એ નિશ્ચયની વાતને વ્યવહારથી વીંટળાવી દેશે અને કહી દેશે. એટલે કોઈકનું જ ધ્યાન ખેંચાય બાકી ઓલો વીંટળાયેલો વ્યવહાર થયો એટલે વ્યવહાર જ આગળ આવે.

સ્વપરપ્રકાશક છે, સ્વપરપ્રકાશક છે, એમ કહ્યા કરશે. પછી કહે - જાણનાર છે, જાણનાર છે તો એમાં પરને જાણે છે એ આવ્યું ને? કે ના, નથી આવ્યું. પાછા પૂછે આ. બધું કહી ગયા (છે) પણ નિશ્ચયના વાક્ય ઉપર ધ્યાન ખેચાતું નથી લોકોનું, એટલે પ્રાપ્ત નથી થતો આત્મા, એનું કારણ આ છે.

મુમુક્ષુ: ગુરુદેવ પાછલા વર્ષોમાં લેતા ને? કોઈએ પૂછ્યું કે કેટલા પ્રકારના જીવ છે? બે પ્રકારના જીવ છે? કે હાં! બે પ્રકારના જીવ છે. ઓલો પર્યાયવાળો જીવ જુદો. ઉત્પાદ-વ્યય વગરનો જીવ છે એને જ જિનવર દેવ જીવ કહે છે.

પૂ. લાલચંદભાઈ: જીવ કહે છે, ખરી વાત છે!

મુમુક્ષુ: એવા બે જીવ? તો કે હાં, બે જીવ. એ આ જ જીવ છે.

પૂ. લાલચંદભાઈ: એક વ્યવહાર જીવ, (એક) નિશ્ચય જીવ. ખરી વાત એ છે! જિનવર દેવ આને જ જીવ કહે છે. શબ્દો છે (કે) જિનવર દેવ આને જ જીવ કહે છે. અને તીર્થંકર ભગવાન, ચરમ

શરીરી એ ધ્રુવનું ધ્યાન કરે છે, ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવનું ધ્યાન કરે છે. પરમાત્મપ્રકાશમાં ગાથા છે આ.

મુમુક્ષુ: છે હા. અને ગુરુદેવ એ બહુ જ આધાર લેતા હતા આટલા વર્ષોમાં તો ઉત્પાદ-વ્યય વગરના જિનવર દેવ એને જ જીવ કહે છે.

પૂ. લાલચંદભાઈ: તીર્થંકર ભગવાન જ્યારે દીક્ષા લે છે, જંગલમાં જાય છે, ત્યારે ધ્રુવનું ધ્યાન કરે છે, ચરમ શરીરી. હવે પરમાત્મા જેનું ધ્યાન કરે છે એનું ધ્યાન તું કર ને! કોનો આધાર લેવો છે તારે?

મુમુક્ષુ: હા, હા! બસ! બરાબર છે! પરમાત્મા જેનો આધાર લે છે, એનો તું આધાર લે.

પૂ. લાલચંદભાઈ: હા. 'જેનું હું ધ્યાન કરું છું એનું ધ્યાન તું કર ને!' આહાહા! જ્ઞાનીઓ એમ કહે છે.

મુમુક્ષુ: એ ગુરુદેવને ઓલી બહુ પ્રસન્નતા રહેતી કે તું પરમાત્મા જ છો, નિઃસંદેહ થા, થવાનો છો એ વાત નહિ.

પૂ. લાલચંદભાઈ: નહિ, નહિ, નહિ, નહિ, પરમાત્મા જ છો. આ હમણાં એક ગુરુદેવનો લાંબો ફકરો આવ્યો છે ને? એમાં એ ત્રણ વાક્ય લીધા છે.

**હું પરમાત્મા છું એમ નક્કી કર.**

**હું પરમાત્મા છું એમ નિર્ણય કર.**

ત્રીજો વાક્ય:- **હું પરમાત્મા છું એમ અનુભવ કર.**

એમ ત્રણ વાક્ય છે.

મુમુક્ષુ: એ યોગસારનું નવમું પ્રવચન છે, એની ગાથા છે. એમાં લીધું છે.

પૂ. લાલચંદભાઈ: હા યોગસારનું, એમાં એ પ્રિન્ટિંગ મોટા અક્ષરે છે, લાંબો ફકરો છે એમાં એ ત્રણ વાક્ય છે.

મુમુક્ષુ: એ ગુરુદેવનું ખાસ (વાક્ય છે) અને બહેનશ્રી જે સવારે ૫:૩૦ વાગે વગડાવતા હતાને ઉપર, એ આ.

પૂ. લાલચંદભાઈ: હા! એમાં એ આવતું હતું, આ જ. એટલે હું પરમાત્મા છું એટલે જ્ઞાયકભાવ જ છું, પામર નથી હું. એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આવી ગઈ.

મુમુક્ષુ: સંસારની ગંધ નથી, પર્યાયની ગંધ નથી. કાંઈ (નથી), એકલો જ્ઞાયકભાવ જ છો. ગજબ!

પૂ. લાલચંદભાઈ: બધું કહી ગયા છે, બધું કહી ગયા છે.

મુમુક્ષુ: હા, ગુરુદેવ કહેતા હતા. જ્યારે ઊલટી થઈને, ગુરુદેવને દિવાળીના એક મહિના પહેલાં જ્યારે પ્રવચન બંધ થઈ ગયા ને? એ પહેલાં જે મોટો ડોકટર મુંબઈથી આવ્યો હતો, એ ગયો અને ગુરુદેવ પ્રવચન વાંચવા બેઠા અને ઊલટી થઈ, એકદમ ઊઠી જાવું પડયું. ત્યારે ગુરુદેવે એમ કીધું કે હવે શરીરની સ્થિતિમાં ફેર પડી ગયો છે. પછી ગુરુદેવે એમ કીધું કે કહેવાનું હવે કાંઈ (પણ) બાકી જ નથી. જેટલી મૂળ વસ્તુ છે, મૂળ વાત છે એ બધી કહેવાઈ ગઈ છે. એટલે ગુરુદેવને એ રહેતું

હતું કે બધું મૂળભૂત દ્રવ્યદૃષ્ટિનું બધું આવી ગયું છે. હવે શરીરની ફેરફાર થવાની સ્થિતિ છે પણ કહેવાની જે વાત હતી (તે આવી ગઈ છે).

પૂ. લાલચંદભાઈ: આ પ્રવચન-નવીનતમાં બધું બહુ સરસ આવે છે. પહેલાં ભાગમાં બહુ સારું છે, ઘણું સારું છે.

મુમુક્ષુ: અને લોકોને સ્વાધ્યાયમાં પણ બહુ સારું પડે છે. પાછા ગુરુદેવના ઓલા ખાસ-ખાસ પ્રવચનો થઈ ગયા.

પૂ. લાલચંદભાઈ: હા ખાસ.

મુમુક્ષુ: ખાસ-ખાસ પ્રવચનો છૂટા, છૂટા, છૂટા જે થઈ ગયા.

પૂ. લાલચંદભાઈ: બાબુભાઈ અહીં આવ્યા. બાબુભાઈને મેં કહ્યું કે ભાઈ આ કેસેટ મારે ઉતરાવવી છે ચાર મહિનાની. તો કહે ભલે. ... ના મેં લખ્યું, લખ્યું હતું.

મુમુક્ષુ: આવ્યા હતા મારી પાસે તરત જ લેવા માટે.

પૂ. લાલચંદભાઈ: પછી તમારી પાસે આવ્યા. પછી તમે કહ્યું કે એક સ્પેર પાર્ટ (spare part) નથી અને કાલે ભાવનગર જઈને મંગાવી લઈશ. તો કહે ના, અટાણે ને અટાણે (હમણાં ને હમણાં) મંગાવી દયો અને આજે રાત્રે ઉતરાવી દયો, કાલ મારે જવું છે. તો જીતુએ તાત્કાલિક મંગાવી અને ઉતરાવી અને બીજે દિવસે કેસેટ ભરીને આવ્યો આ રેક (rack), આ બોકસ (box) ભરીને આવ્યા. શું કહો છો? તો કહે, હા, આવું બન્યું.

મુમુક્ષુ: અને ગુરુદેવ તે પ્રવચન આપતા હતા, (એમનું) લક્ષ બહુ હતું કે આ ખાસ-ખાસ પ્રવચન છે એટલે પુસ્તક બહાર આવશે.

પૂ. લાલચંદભાઈ: બહુ-બહુ! ઠીક પણ બહાર આવ્યું અને ધીમે-ધીમે બહાર આવશે.

મુમુક્ષુ: એમ તો એ ખાસ-ખાસ પ્રવચનો માટે એક વાર મેં માગણી મૂકેલી. અંદરખાનામાં, બહારમાં નહિ. તો સાહેબ આ ક્લાસ લીધું, તે બરાબર છે, આ ખાસ-ખાસ! સળંગ રૂટીનના (routine) ચાલ્યા આવતા હોય (તેનાથી જુદું).

પૂ. લાલચંદભાઈ: એ નહિ, પણ ખાસ-ખાસ મૂળ ગાથાઓ લઈ લયો.

મુમુક્ષુ: ખાસ ખાસ પ્રવચનો! એવું એ બપોરના બેઠા, ત્યારે મેં વાત કરેલી. પણ પછી ત્યારે ગુરુદેવ તો પછી સમજે કે કોઈક રામજીભાઈ જેવા કોંક (પ્રમુખ વ્યક્તિ)ના મોઢેથી કાંઈ વાત આવે, કારણ કે તો એ જ શોભે ને?

પૂ. લાલચંદભાઈ: હા! એ તો બરાબર છે. મગજમાં રાખ્યું એમણે (તમારી વાત).

મુમુક્ષુ: ગુરુદેવને ખ્યાલ આવે. કારણ કે મને એ લક્ષ હતું. શિબિરમાં બિચારા ક્યાંના ક્યાંયથી આવે અને આપણે જે રૂટીનની (routine) ગાથાઓ ચાલતી હોય અને ઓલું આવે તો ગુરુદેવનું આમ ઘોલન ફરી જાય.

પૂ. લાલચંદભાઈ: આ બાર ગાથા, હમણાં બાર ગાથાની બાર કેસેટ મેં સાંભળી હમણાં. એ શિબિરમાં જ છે, ૩૨૦ ગાથા, શિબિરમાં. બરાબર સાંભળી લીધી. એ શાંતાબેન (ધીયાએ) અહિયાં ભેટ આપી.

મુમુક્ષુ: કેટલી ગઈ? ૮૬ સેટ તો થઈ ગયા, અપાઈ ગયા.

પૂ. લાલચંદભાઈ: કેટલા?

મુમુક્ષુ: ૮૬ (સેટ).

પૂ. લાલચંદભાઈ: ૮૬ સેટ અપાઈ ગયા!

મુમુક્ષુ: બાર પ્રવચનના ૮૬ (સેટ) અપાઈ ગયા. હીરાભાઈ આત્મધર્મમાં જાહેરાત આપે છે ને?

પૂ. લાલચંદભાઈ: અડધી કિમતમાં.

મુમુક્ષુ: હા, અડધાથી ઓછી ૧૦૦ રૂપિયામાં. ૨૪૦ (રૂપિયા) થાય, એને બદલે મંડળોને ૧૦૦ રૂપિયા. એ ૮૬ સેટ તો થઇ ગયા અને હજી ચાલુ છે. અને શાન્તાબેન ધીયાએ જે પાંચ દિવસ (છૂટના) રાખેલા એમાં કાઈંક ૩૬-૩૭ સેટ એમાં ગયા હતા. અને બાકી ફૂલ પેમેન્ટે (full payment) વચ્ચે-વચ્ચે આવે, કારણ કે આત્મધર્મમાં આવી ગયું ને, એટલે બધાને ખ્યાલ આવી ગયો કે ભલે આપણને અત્યારે નહિ મળે. આપણને ડિસ્કાઉન્ટની (discount) કયાં જરૂર છે? બધાને કાઈ ડિસ્કાઉન્ટની જરૂર નથી હોતી. પણ કઈંક વિષય મૂકે તો પાછા બધા લઈ જાય, એ જુદા. એટલે આ ૩૨૦ ગાથામાં વિશેષતા ભાઈ એવી છે, કારણ કે મેં ૩૨૦ ગાથાના ઘણાં સાંભળ્યા, પણ આમાં ગુરુદેવ આધાર જ એટલા આપે છે.

પૂ. લાલચંદભાઈ: આધાર આપ્યા છે

મુમુક્ષુ: એટલા આધાર! અહીં આમ કહ્યું કીધું છે અહીં આમ કીધું છે. રોજ ઓલી એક કડી વાંચે અને કહે જુઓ! અહીયાં આધાર આપ્યો છે. નિચોડ આપી દીધો છે.

પૂ. લાલચંદભાઈ: બહુ સારું! બહુ સારું! બાર ગાથામાં, બાર કેસેટ સાંભળી.

મુમુક્ષુ: અહીયાં દિવાળીના દિવસે સાંભળે.

પૂ. લાલચંદભાઈ: અહિયા એક પડી છે. મંદિરમાંથી મેં સાંભળી અને પછી ચંદુભાઈને મોકલાવી. ચંદુભાઈ ડોકટરે સાંભળી અને પછી મારે ત્યાં આવી ગઈ છે. પછી મોકલવી દઇશ. આ કેસેટ બહુ સરસ છે.

મુમુક્ષુ: લોકો બહુ પસંદ કરે છે, હિન્દી સમાજમાં (પણ) અને બધે. ઘણું ભાઈ! તે મહાપુરુષે ભગવાન આગળથી (પાસેથી) આવ્યા એટલે, કુંદકુંદાચાર્ય ત્યાંથી આવ્યા, અમૃતચંદ આચાર્ય, આ બધા જે-જે ભગવાનના આગળથી આવ્યા છે તે બધા...

પૂ. લાલચંદભાઈ: સાક્ષાત્ ગુરુદેવે કુંદકુંદ ભગવાનને જોયા ને! ... ગુરુદેવને ત્યાં, મહાવિદેહક્ષેત્રમાં એ વખતે ત્યાં હતા, ગુરુદેવ ત્યાં હતા.

મુમુક્ષુ: ગુરુદેવને અમૃતચંદ્ર આચાર્યનો ખ્યાલ નથી આવ્યો નહિતર વધારે પ્રસન્નતા થાય.

પૂ. લાલચંદભાઈ: ઠીક! હવે આ તને એક વાત પૂછું? અનુભવનો વિષય અને અનુભવ કેમ થાય - એની વિધિ. બસ! બે વાત શીખવા જેવી છે. બાકી આડી-અવળી વાતોમાં જાઓ મા. એ બે વાતનો નિર્ણય કરવો. અને સ્વાધીનપણે નિર્ણય થશે, એમાં (બીજા) કોઈનું કામ નહિ આવે. કેમકે આત્મા 'સ્વયંભૂ' લખ્યું છે, સ્વાધીન, સ્વયંભૂ એટલે સ્વાધીન છે. એકલું વાંચ્યા કરવું અને સાંભળ્યા કરવું એમ-ને-એમ જિંદગી વઈ જાય (તો) શું કામની?

મુમુક્ષુ: સ્વાધીનપણે નિર્ણય કરવો એ જ કરવાનું છે.

પૂ. લાલચંદભાઈ: નિર્ણય ઉપર વજન વધારે આપવા જેવું છે. નિર્ણય પછી અનુભવ થશે, યથાર્થ નિર્ણય હોં! સોગાનીજી કહે નિર્ણય, પણ યથાર્થ નિર્ણય. અને જીતુ, જેવો આત્મા અનુભવમાં આવે ને, એવો જ નિર્ણય થાય. એટલે એમાં કોઈ ફેર નથી.

મુમુક્ષુ: અચ્છા! નિર્ણય અને અનુભવમાં કાંઈ ફેર નહિ?

પૂ. લાલચંદભાઈ: એક આનંદ નહિ. એક આનંદ રહિત અને એક આનંદ સહિત, એટલો જ ફેર. જીવમાં કાંઈ ફેર નહિ. જીવ એણે જોયો ને જે, એવો જ અનુભવમાં આવે છે. એનું નામ નિર્ણય.

મુમુક્ષુ: એટલે એને જ નિર્ણય કહેવાય, સાચો.

પૂ. લાલચંદભાઈ: એને જ નિર્ણય સાચો કહેવાય! અને એને પછી ખબર પડે કે ઓહો! આ જે નિર્ણય મેં કર્યો હતો એ જ અનુભવમાં આજે, એવો જ આત્મા આવ્યો, એમ. એનું નામ નિર્ણય. નિર્ણયની કિંમત બહુ છે. નિર્ણય પછી તો કોલકરાર થઈ જાય. નિર્ણય પછી તો કોલકરાર થાય છે, અનુભવ થાય જ.

મુમુક્ષુ: જેમ ભગવાનને જેવો જાણાય એવો જ વાણીમાં આવે છે, એવું કેહવાય છે. એમ આમાં જેવો નિર્ણય થાય છે, સાચો.

પૂ. લાલચંદભાઈ: એવો જ અનુભવ થાય છે.

મુમુક્ષુ: એવો જ અનુભવ થાય છે. બેમાં કાંઈ ફેર નથી, તત્ત્વ-નિર્ણય અને અનુભવ. (બસ!) એક આનંદની અનુભૂતિ(નો ફરક છે).

પૂ. લાલચંદભાઈ: પંચાધ્યાયીમાં એનો આધાર આવી ગયો છે સારો. બેનને, શાન્તાબેનને પણ હતું અને ચંપાબેનને પણ હતું. બન્નેનું ખ્યાલ છે અમને, ખબર મળી હતી અહીંયા. શાન્તાબેનને ત્રણ મહિના લાગ્યા હતા લગભગ, નિર્ણય પછી.

મુમુક્ષુ: આ પછી ચોથા ગુણસ્થાને?

પૂ. લાલચંદભાઈ: ગુણસ્થાન તો પહેલું (જ રહે છે), નિર્ણયમાં.

મુમુક્ષુ: નહિ! નહિ! પછી નિર્ણય થઈને અનુભવ જ્યારે થાય ત્રણ મહિના થયા હતા બેનને. નિર્ણય થઈને અનુભવ થાય પછી અનુભવ થયા પછી પાછી જિંદગીમાં જીવે ત્યાં સુધી કાંઈ એમાં (ફેર થાય)?

પૂ. લાલચંદભાઈ: એ નહિ. એ તો અનુભવ કોઈને વહેલો થાય અને કોઈને મોડો થાય, શ્રદ્ધામાં ફેર ન પડે. શ્રદ્ધા થઈ તે થઈ, બસ! એમાં ફેર ન હોય. શ્રદ્ધા માટે એને વિચારવાનું નથી. પછી તો જ્ઞાનના પડખાથી વિચાર કરીને અંદરમાં કેમ ઉપયોગ લાગે એ જાતની પ્રેકટીસ (practice), ચારિત્રની પ્રેકટીસ હોય છે પછી. શ્રદ્ધા માટે પ્રેકટીસ નથી.

મુમુક્ષુ: પછી નિર્વિકલ્પતા વિશેષ-વિશેષ આવવા માંડે?

પૂ. લાલચંદભાઈ: આવવા માંડે છે અને એ તો તે જે શ્રદ્ધાનો વિષય લીધો છે, એ જ ઊર્ધ્વપણે એને જણાયા કરે તો ઉપયોગ જલ્દી આવે. અને જો ભેદ-પ્રભેદમાં ઉપયોગ વયો જાય તો મોડું થાય.

મુમુક્ષુ: અને આમ છટ્ઠા ગુણસ્થાનવાળો વિકલ્પમાં હોય અને ચોથા ગુણસ્થાનવાળો

નિર્વિકલ્પદશામાં હોય, તો એ બેયમાં વિશેષતા?

પૂ. લાલચંદભાઈ: તો છઠ્ઠાવાળાની નિર્જરા વધારે. નિર્જરા વધારે, આનંદ વધારે, એને ત્રણ કષાયનો અભાવ છે. તે સવિકલ્પની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. હા! છે. ભલે વિકલ્પ છે પણ વિકલ્પ, વિકલ્પમાં છે. ત્રણ કષાયનો અભાવ તો વર્તે છે ને!

મુમુક્ષુ: પણ નિર્વિકલ્પમાં તો ગોળો છૂટો જ આમ...

પૂ. લાલચંદભાઈ: ભલેને તે છૂટો હોય, પણ અબુદ્ધિપૂર્વકનો કષાય છે હજી અહીંયા. સ્થિરતા ઓછી છે.

મુમુક્ષુ: ભલે! કષાય છે પણ.

પૂ. લાલચંદભાઈ: નહિ! નહિ! નહિ! છઠ્ઠાની સાથે લગાય જ નહિ, કાંઈ લાગેવળગે નહિ. ચોથાને છઠ્ઠાની સાથે બિલકુલ સરખાવાય નહિ. છઠ્ઠું ગુણસ્થાન એટલે શું? ભલેને સવિકલ્પ હોય. એની વાત આખી જુદી છે. છઠ્ઠા ગુણસ્થાનની સાથે સરખાવાય નહિ.

મુમુક્ષુ: વિકલ્પવાળો છે પણ એને કષાયની જે ત્રણ ...

પૂ. લાલચંદભાઈ: હાં! સ્વભાવનો આશ્રય છે એટલો કષાયનો અભાવ થઇ ગયો. ઉગ્ર આશ્રય વર્તી રહ્યો છે છઠ્ઠે પણ. સાતમાંને યોગ્ય હજી આશ્રય નથી, પણ છઠ્ઠાને યોગ્ય તો આશ્રય છે જ. ચૌથું અને છઠ્ઠું ઘણો ફેર મોટો. એ લડાઈમાં ભલે ઊભો હોય ચોથાવાળો. સમજી ગયા? અને ઓલો વિકલ્પમાં છે પણ એ (બન્નેમાં) ઘણો ફેર છે.

મુમુક્ષુ: ચોથાવાળા નિર્વિકલ્પ હોવા છતાં છઠ્ઠાવાળાની વાત આખી જુદી છે.

પૂ. લાલચંદભાઈ: છઠ્ઠાની આખી વાત (જુદી છે). એ મુનિરાજ તો સાક્ષાત્ સિદ્ધ જેવા છે. એની શું વાત કરવી? એ તો ઝૂલે છે અંદરમાં, બસ. વિકલ્પની પણ ઉપેક્ષા વર્તે છે. જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ જબરદસ્ત છે. વિકલ્પ પ્રતિ ઉદાસ છે એ, બિલકુલ. ત્યાં સુધી છે કે વિકલ્પ છે પણ વિકલ્પથી પરાઙ્મુખ છે એ. આનંદ આવે છે એનાથી પણ પરાઙ્મુખ છે.

મુમુક્ષુ: આનંદથી પણ પરાઙ્મુખ છે?

પૂ. લાલચંદભાઈ: પરાઙ્મુખ છે, પર્યાયમાં આનંદ આવ્યો ને? એનાથી પરાઙ્મુખ છે. એ અંદરની અલૌકિક જુદી વાત છે.

મુમુક્ષુ: એટલે એ પરાઙ્મુખપણામાં તો શું લક્ષની અપેક્ષાએ ગણવીને?

પૂ. લાલચંદભાઈ: હાં! લક્ષની અપેક્ષાએ. ઉપયોગ છે બહાર ભલે, ઉપયોગ બહાર છે પણ એનું જોર અંદર છે. એ વાત જ કોઈ અપૂર્વ છે. હાલતાં-ચાલતાં સિદ્ધ કહ્યા. મુનિરાજ એટલે શું? આહાહા!

મુમુક્ષુ: હાલતાં-ચાલતાં સિદ્ધ!

પૂ. લાલચંદભાઈ: એ તો અત્યારે ચોથો કાળ નથી નહિતર અહીંયા મુનિરાજ કેવળજ્ઞાન લે, અહીંયા.

મુમુક્ષુ: હાં! બરાબર છે. કુંદકુંદાચાર્ય બધા હતા છઠ્ઠા ગુણસ્થાને, સાતમાં-છઠ્ઠા, સાતમાં-છઠ્ઠા. આનંદના વેદનની અપેક્ષાએ, કદાચ ચોથા (ગુણસ્થાન વાળા)ને નિર્વિકલ્પ (અવસ્થા)ના સમય પૂરતો

વિશેષ (આનંદ હોય)?

પૂ. લાલચંદભાઈ: આનંદ ઓછો! ઓછો! ઓછો!

મુમુક્ષુ: આનંદ પણ ઓછો?

પૂ. લાલચંદભાઈ: ઓછો! ઓછો! એમની સાથે તે સરખાવાય જ નહિ.

મુમુક્ષુ: સરખાવાય જ નહિ આનંદ.

પૂ. લાલચંદભાઈ: નહિ બિલકુલ. એમનો (મુનિરાજનો) આનંદ ક્યાં, ત્રણ કષાયના અભાવપૂર્વક વીતરાગતા! અને આના (ચોથા ગુણસ્થાને) એક કષાયના અભાવપૂર્વક વીતરાગતા. મોટો ફેર છે. વીતરાગતા જ એ આનંદનું કારણ છે. વીતરાગતા એ આનંદનું કારણ છે. જેટલી વીતરાગતા વધારે એટલો આનંદ વધારે. અહીંયા (ચોથા ગુણસ્થાને) એક અનંતાનુબંધી કષાય ગયો છે એટલો આનંદ છે. ત્યાં ત્રણ કષાયનો અભાવ, એની વાત... અપૂર્વ છે, મુનિરાજની સાથે કોઈ સરખાવી શકે નહિ. ચોથા ગુણસ્થાનવાળા નહિ, પણ પાંચમા ગુણસ્થાનવાળા તીર્થંકર (હોય) તો (પણ નહિ કારણ કે) એને ગ્રહસ્થ અવસ્થામાં પાંચમું આવી જાય છે. અને ક્યાં મુનિરાજ! ભલેને તીર્થંકરનું દ્રવ્ય હોય, એમની (મુનિરાજની) સાથે સરખાવાય નહિ. મુનિરાજની આખી વાત તો જુદી છે.

મુમુક્ષુ: હાલતાં-ચાલતાં સિધ્ધ અવસ્થા. દશા જ આખી ફરી ગઈ.

પૂ. લાલચંદભાઈ: હા. દશા જુદા જ પ્રકારની છે. ચાલો હવે અત્યારે પૂરું થયું.

ૐ